ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૫-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

નવી આશાઓનો ઉદય

રાષ્ટ્રપતિ ભવન ખાતે દબદબાપૂર્વક નરેન્દ્ર મોદી અને તેમના મંત્રીમંડળનો શપથવિધી સમારોહ યોજાયો. દેશભરમાં આનંદ અને ઉલ્લાસનો માહોલ છે ત્યારે મીઠાઈઓ વહેંચાઈ, આતશબાજી થઈ, ઘરઘર દીવડા પ્રગટ્ય. અખબારોના અભિગમો બદલાયા. સૌના ચહેરા ઉપર એક જ વાત ઉલ્લાસથી ઉભરાતી હતી કે 'અચ્છે દિન આ ગયે.' એક નવી આશાની લહેર દેખાઈ છે. ભારત વર્ષમાં જનજાગૃતિની ચેતના પ્રગટી છે. જનસમાજના માનસપટ પર આશાઓનો સાગર છલકાય છે. મોદી મંત્રીમંડળ પાસે આખો દેશ એક નવી આશા જોઈ રહ્યો છે. છેલ્લા દાયકાથી બલ્કે એનાથી વધુ સમયથી દેશમાં તડજોડ વાળી સરકારો ચાલી, ખૂબ ઓછું કામ થયું. ઘણું બધું ના થયું. નિષ્ફળતાઓની યાદી મોટી થઈ ગઈ અને જનમાનસ હતાશ અને નિરાશ બન્યું હતું. એના પરિપાક રૂપે દેશના જાગૃત મતદાતાઓએ આક્રમક અને સ્પષ્ટ જનાદેશ આપી મજબૂત સરકાર આપવાનો મનસૂબો પાર પાડ્યો. આ મતદાનના ટકા, આ સ્પષ્ટ જનાદેશની ભાષા, ભારે ઉલ્લાસનો ભાવ, દેશનો બદલાતો મુડ, સ્પષ્ટ બતાવે છે કે ખૂબ આશાઓ અને અરમાનો સાથે મોદી સરકારને દેશ વધાવે છે. માત્ર સત્તાનું પરિવર્તન નહિ, માત્ર વ્યવસ્થા પરિવર્તન નહિ કે માત્ર વ્યક્તિઓનું પરિવર્તન નહિ પણ ભારતની પ્રજા જડમૂળથી પરિવર્તન ઈચ્છે છે. એ ગરીબી સામેનો જંગ હોય કે બેરોજગારી મીટાવવાની વાત હોય. આતંકવાદી, ત્રાસવાદ હોય કે વિદેશનીતિમાં છેડછાડ હોય. નાગરિકોની સુરક્ષાની વાત હોય કે ભ્રષ્ટાચારની નેસ્ત નાબુદીની આહલેક હોય. આ મુળભૂત મોરચાઓ ઉપર પ્રજાની ખૂબ આશાઓ મંડાયેલી છે. સામાન્યતઃ સમજી શકાય તેવી વાત છે કે જાદુની છડી કોઈની પાસે નથી. કે સમસ્યાઓ છ-બાર મહિનામાં ઉકેલી શકાય પરંતુ આ સમસ્યાઓના સમાધાનની દિશામાં એક ડગલું પણ નવી સરકાર ચાલશે તો પ્રજાને આશાનો અહેસાસ થશે. સંતોષની અનુભૂતિ થશે અને વિશ્વાસ ચરિતાર્થ થશે. નવા યુગના મંડાણ થઈ ચૂક્યા છે. ઉલ્લાસમય વાતાવરણ સાથે આખો દેશ એક જ ભાષામાં વાત કરે છે અને તે વિકાસની ભાષા. સૌના મનમાં વિકાસની ઝંખના છે અને એટલી ભારોભાર શ્રદ્ધા છે. સ્પષ્ટ જનાદેશવાળી સરકાર દાખલારૂપ કામગીરી કરીને બતાવશે. નરેન્દ્ર મોદી નીવડેલા સમર્થ નેતા છે. ચતુરાઈ ભારોભાર છે. અસરકારક વ્યવસ્થાપનના માહિર છે. વકતૃત્વ અને નેતૃત્વ એમની રગેરગમાં છે. રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલું એમનું જીવન દેશદાઝથી છલોછળ છે. ભારતમાતા માટે અમરપ્રેમ છે. સૌને સાથે લઈને ચાલવાની એમની પાસે કુશળતા છે. સકારાત્મક વિચારધારા છે. જોમ અને જુસ્સો છે. વહિવટીતંત્ર પાસે કામ લેવાની કુશળતા છે. વિવેક અને વિનયથી સૌના મન જીતવાની આવડત છે. આમ આદર્શ રાજનીતિજ્ઞ માટે જરૂરી સર્વગુણ સંપન્ન છે. સમયનો સાથ છે પ્રજાનો મત અને મન છે. દેશની પ્રજા નવી આશા અને અરમાનો સાકાર થવી શુભ ઘડીએ મોદી યુગને વધાવે છે.

ઓનલાઈન પ્રવેશ માહિતી અંગે વિદ્યાર્થીઓને ઘસારો

અમદાવાદ, તા.૨૬

ચાલુ વર્ષે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૪.૧૪ ટકા જેટલું રેકર્ડબુદ જાહેર થતાં બે દિવસના બાદ હવે વિદ્યાર્થીઓ મુઝવણમાં મુકાઈ ગયા છે. ઉંચા પરિણામનાં કારણે પ્રવેશ મેળવવામાં અફડાતફડીનો માહોલ સર્જાવાની બીકે અત્યારથી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માટે સક્રિય થઈ ગયા છે ત્યારે વિવિધ શહેરોમાં શૈક્ષણિક સંસ્થાનો માટે વિદ્યાર્થીને ઓનલાઈન પ્રવેશ અંગે માર્ગદર્શન માટે સેમીનારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે. આવા સેમીનારોમાં એન્જિનીયરીંગ, આર્કિટેક્ચર, ફાર્મસી અને બીએસઈ અભ્યાસક્રમોમાં પ્રવેશની વિગતો આપી રહ્યા છે. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કઈ રીતે કાર્ય કરે છે, મેરિટ કઈ રીતે તૈયાર થાય છે અને ઓનલાઈન ફોર્મ ભરતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોવા પાસઓ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ ઉંચા પરીણામ વચ્ચે બીએસસીમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓનો ભારે ઘસારો જોવા મળતા અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. તમામ સાયન્સ કોલેજોએ ક્ષમતા કરતા લગભગ દોઢ ઘણા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હતો. તેમ છતાં અનેક વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા હોવાની ફરીયાદો સામે આવી હતી. ત્યારે ચાલુ વર્ષે રાજ્યની તમામ સાયન્સ કોલેજોમાં કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ મુજબ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે ત્યારે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા વિશે માહિતી મેળવવા માટે વિદ્યાર્થીઓમાં ભારે ઘસારો જોવા મળી રહ્યો છે.

સેવા પરમો ધર્મની ઉકિત ઘણા બધા સાથે લઈને જ ફરે છે. અમદાવાદ માધવન પરિવાર દ્વારા ઠંડા પાણીની પરતી પરબ ચલાવાય છે. લોકોને વિવિધ વિસ્તારોમાં જઈ તરસ છીપાવી આપવાનું કાર્ય કરતી આ સંસ્થા અભિનંદનને પાત્ર છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર-ઉમા ભવન ખાતે કડવા પાટીદાર સમાજનો યુવક-યુવતી પરિચય પસંદગી સંમેલન યોજાયું

મોટી સંખ્યામાં યુવક-યુવતી વાલીઓની ઉપસ્થિતિ

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા.૨૬

ગાંધીનગર સ્થિત ઉમાભવન, સેકટર-૧૨ ઉમિયા માતાજી મંદિર ખાતે રવિવારના રોજ બપોરે કડવા પાટીદાર જીવનસાથી પસંદગી કેન્દ્ર ગાંધીનગર અમદાવાદ રાણીપ અને કૃષ્ણનગર-સે-૨૪ અને કડવા પાટીદાર સમાજ ગાંધીનગરના ઉપક્રમે ભવ્ય કડવા પાટીદાર યુવક યુવતી જીવનસાથી પસંદગી પરિચય મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર કડવા પાટીદાર સમાજના યુવક-યુવતી લગ્ન નોંધણી મુજબ ૭૦૦થી વધુ યુવક-યુવતી સંમનેલનમાં જોડાઈ સહભાગી બન્યા હતા. આ પ્રસંગે યુવક યુવતીના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગી બન્યા હતા. આ કાર્યક્રમમાં લગ્ન નોંધણી બ્યુરોના સંચાલક શ્રી ડૉ. ડી.એસ. પટેલ, દ્વારકાદાસ પટેલ તથા અનિલભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. આ સંમેલનમાં યુવક યુવતીઓએ ભારે ઉત્સાહપૂર્વક જોડાઈ આગવી શૈલીમાં પોતાનો પરિચય આપી કાર્યક્રમને સફળતા અપાવવા બદલ અભિનંદનને પાત્ર બન્યા હતા. આ સંમેલનમાં કડવા પાટીદાર સમાજના મહાનુભાવાઓએ ઉપસ્થિત રહી શોભા વૃદ્ધિ કરી હતી. મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરી આવકાર આપ્યો હતો.

સીબીએસઈ ધોરણ-૧૨નું પરિણામ આજે જાહેર થશે

અમદાવાદ, તા.૨૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. વિદ્યાર્થીઓ સીબીએસઈની વેબસાઈટ ઉપરથી પોતાનું પરિણામ જોઈ શકશે. ઉલ્લેખનીય છે કે પહેલા ધોરણ-૧૨નું પરિણામ આજે જાહેર કરવામાં આવનાર હતું પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે પરિણામ આવતીકાલે જાહેર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સીબીએસઈ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. પરિણામની જાહેરાત થયા બાદ વિદ્યાર્થીઓ સીબીએસઈની વેબસાઈટ્ટ.ષ્ઠહ્વજી.હેષ્ઠ.ંહ પર પોતાનુ પરિણામ જાણી શકશે. પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ પોતાના માર્કથી સંતુષ્ટ ન હોય તો ૨૧ દિવસની રી-ચેકિંગ માટે અરજી કરી શકાશે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે માર્ચ-૨૦૧૪માં લેવાયેલ સીબીએસઈ ધોરણ-૧૨ની પરીક્ષામાં કુલ ૧૦,૨૯,૮૭૪ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૬,૦૩,૦૬૪ વિદ્યાર્થીઓ અને ૪,૨૬,૮૧૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જ્યારે નવ વર્ષે ૯,૪૨,૦૩૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. એટલે કે ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા ૯.૩૨ ટકાનો વધારો નોંધાયો છે.

બીજી બાજુ સીબીએસઈ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરાયા બાદ ધોરણ-૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓ કાઉન્સલીંગ કાર્યક્રમ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ કાઉન્સલીંગ કાર્યક્રમ ૧૦ જૂન સુધી ચાલશે. જેમાં વિદ્યાર્થીઓ કાઉન્સલરો પાસેથી પોતાની ઉજવણ કારકીર્દી માટે માર્ગદર્શન મેળવી શકશે.

એસીપીસી દ્વારા એડમિશન અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

ધો. ૧૨ સાયન્સ પછીના એન્જીનીયરીંગ, ફાર્મસી, આર્કિટેક્ચર અને ઈલેક્ટ્રોનિક્સ ડિગ્રી અભ્યાસક્રમો અંગે માહિતી અપાઈ : સરસ્વતી એજ્યુકેશન સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૬

ધોરણ-૧૨ના પરિણામો તો ખૂબ જ વિક્રમજનક આવી ગયા પરંતુ હવે શું ? તે પ્રશ્ન દરેક વિદ્યાર્થી અને વાલીઓના મનમાં ઘુંટાઈ રહ્યો છે. ધોરણઃ૧૨ના વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ અને વાલીઓના માર્ગદર્શન માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા શ્રી સરસ્વતિ એજ્યુકેશન સંસ્થાનના સહકારથી આજે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું.

એડમિશન કમિટી (એસીપીસ)ના ઉપક્રમે યોજાયેલ આ એડમિશન અવેરનેસ પ્રોગ્રામમાં ડિગ્રી એન્જીનીયરીંગ, ફાર્મસી, આર્કિટેક્ચર, એમ.ઈ., એમ.ટેક. અને એમ. ફાર્મ વગેરે અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંગે વિદ્યાર્થીઓ-વાલીઓને માહિતીગાર કરાયા હતા. આ કાર્યક્રમમાં એસીપીસીના સ્પેશ્યિલ ડ્યુટી અધિકારીઓ એ.બી. પટેલ અને જે.એમ. પટેલે વિદ્યાર્થીઓને ઉપરોક્ત અભ્યાસક્રમો દ્વારા કારકિર્દી ઘડવા બાબતે રાજ્યભરમાં બેઠકોની સ્થિતિ અને તે માટેની પ્રવેશ પ્રક્રિયા બાબતે વિગતવાર સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી સરસ્વતિ એજ્યુકેશન સંસ્થાનના ગ્રૂપ ઓફ ઈન્સ્ટીટ્યુટના પ્રેસિડેન્ટ માધુભાઈ ચૌધરી અને પ્રિન્સીપાલ ડૉ. ડી.એમ. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમમાં જાણકારી મેળવવાનો પ્રયાસ કર્યો હતો અને તેમને મુંઝવતા પ્રશ્નોને નિષ્ણાતો સમક્ષ રજૂ કરી તેનુ સમાધાન મેળવવા કોશીષ કરી હતી. આ સેમિનારમાં વિવિધ અભ્યાસક્રમો અને તે માટેની અવેલેબલ બેઠકો અંગેની માહિતી તેમજ પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા જેમાં તપાસ કરીને ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાને ખૂબ જ બારીકાઈથી પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજાવાઈ હતી તેમજ કેટલીક ગેરસમજોને પણ દૂર કરવા પ્રયાસ કરાયો હતો.

મેડીકલ પ્રવેશ ફોર્મનું પાંચ જૂનથી વિતરણ હાથ ધરાશે

૩૦મી મેથી ઈજનેરી માટેના પ્રવેશ ફોર્મનું વિતરણ કરાશે

અમદાવાદ, તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયું હતું ત્યારબાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઈજનેરી પ્રવેશ પ્રક્રિયાને લઈને આતુરતા જોવા મળી રહી છે ત્યારે મળતી માહિતી મુજબ ઈજનેરીના પ્રવેશ ફોર્મની ૩૦મી મેથી વિતરણ શરૂ કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીણામ જાહેર થતાની સાથે જ રાજ્યમાં ઈજનેરીના પ્રવેશ ફોર્મનું વિતરણ શરૂ કરી દેવામાં આવશે. પરંતુ ચાલુ વર્ષે પરિણામ જાહેર કરાયાના ત્રણ દિવસ સુધી ઈજનેરીના પ્રવેશ ફોર્મનું વિતરણ શરૂ ન કરાતા વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મનું વિતરણ શરૂ ન કરાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે આતુરતા જોવા મળી રહી છે ત્યારે પ્રવેશ સમિતિના સુત્રો દ્વારા પ્રાપ્ત થી માહિતી મુજબ આગામી ૩૦મી મેથી ઈજનેરીના ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવશે. જ્યારે મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશનાં ફોર્મ જૂનના પ્રથમ સપ્તાહથી ઉપલબ્ધ બનશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ઈજનેરીની ૬૩,૦૦૦ અને મેડીકલ અને પેરામેડીકલની ૯,૦૦૦ બેઠકો ઉપલબ્ધ છે જ્યારે ઈજનેરીમાં પ્રવેશ માટે કુલ ૮૦,૦૦૦ ફોર્મ પ્રિન્ટીંગ કરાવામાં આવ્યા છે. પરંતુ આ ફોર્મ હજુ સુધી ઉપલબ્ધ કરાવાયા નથી. ત્યારે આ ફોર્મ હવે ૩૦મી મેથી ઉપલબ્ધ થશે વિદ્યાર્થીઓ ૩૦મેથી ૧૩મી જુન સુધી આ ફોર્મ મેળવી શકશે. બીજી બાજુ મેડીકલ અને પેરામિડકલ અભ્યાસક્રમ માટે પાંચ જૂનથી ફોર્મનું વિતરણ શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય ચાલુ વર્ષ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ ઉંચું આવ્યું હોવાથી પ્રવેશ મેળવવા માટે હાલાકીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે.

સોનગઢમાં ધો-૧૨ સાયન્સ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી સેમિનાર યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા.૨૬

બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થતા કારકિર્દી અંગેના વિવિધ સેમિનાર યોજવામાં આવતા હોય છે. ગજાનન સેવા સમિતિ દ્વારા તાપી જિલ્લાના સોનગઢ ખાતે યોજાયો હતો. જેમાં ૫૬ વિદ્યાર્થીઓએ સેમિનારનો લાભ લીધો હતો.

તાપી જિલ્લાના સોનગઢ કોલેજમાં ધો-૧૨ સાયન્સ પાસ વિદ્યાર્થીઓ માટે ગાંધીનગરની શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કારકિર્દી સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં સી.જી. રાબડીયા, ભાનુભાઈ મહેતા અને જયેશભાઈએ વિજ્ઞાનલક્ષી વિવિધ વિષયો પર માહિતી આપી હતી. આ સેમિનારનો ઉદ્દેશ વનવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ વિજ્ઞાનને જાણે અને માણી આગળ આવે તે માટેનો હતો. સેમિનારમાં સોનગઢ કોલેજના આચાર્ય નીતિન પટેલ, કમલેશ પટેલ તેમજ સંસ્થાના મિલીન્દ ગુપ્તે અને વિલેશ મોરે દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિદ્યાપીઠ કેમ્પસમાંથી કોબ્રા નાગ અને નાગીન આવ્યા

વિદ્યાપીઠનું કેમ્પસ કોબરા સાંપનુ રહેણાંક બની ગયું છે

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ શહેરના આશ્રમ રોડ પર આવેલ ગુજરાત વિદ્યાપીઠનું કેમ્પસ જાણે કે કોબ્રા સાપનું રહેણાક બની ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વિદ્યાપીઠના કેમ્પસમાંથી કોબ્રા સાપ પકડાવાની પરંપરા યથાવત રહી છે. આજે વીદ્યાપીઠના કેમ્પસમાંથી એક કોબ્રા નાગ અને એક નાગીન પકડાતા ચકચાર મચી જવા પામી હતી.

અત્યારે ઉનાળો પોતાની પરાકાષ્ઠા બતાવી રહ્યો છે ગરમીનાં કારણે માનવી માત્ર ત્રાહીમામ પોકારીને ઠંડી જગ્યાઓનું શરણ ગોતી રહ્યા છે ત્યારે આમાંથી પ્રાણીઓ પણ બાકાત નથી. આજ કારણ છે કે અમદાવાદમાં ઉપલબ્ધ નજીવી ઠંડકની જગ્યાએ પ્રાણીઓ પોતાનો આશરો ગોતી રહ્યા છે. આવી જ એક જગ્યાએ છે આશ્રમ રોડ પર આવેલ ગુજરાત વિદ્યાપીઠના કેમ્પસમાં ઝાડના કારણે ગરમીમાં પણ થોડી રાહત મળી રહે તેવું વાતાવરણ છે ત્યારે આજે સવારે ગુજરાત વિદ્યાપીઠ કેમ્પસમાં નાગ અને નાગીન નજરે ચડતા જ સર્વધર્મ રક્ષક એવા ટ્રસ્ટને જાણ કરવામાં આવી હતી જેના પગલે સર્વ ધર્મ રક્ષક સેવા દ્વારા કોબ્રા નાગ અને નાગીનનો તાત્કાલીક પાઠવવામાં આવ્યા હતા. સાથે જ પાસેથી નાગીનના ઈંડા પણ મળી આવ્યા હતા. જેને સર્વધર્મ રક્ષક સેવા ટ્રસ્ટના કાર્યકરો પોતાની સાથે લઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે છેલ્લા છ મહિનામાં ગુજરાત વિદ્યાપીઠના કેમ્પસમાંથી અડધા ડઝનથી વધુ પકડાયા છે તેમ છતાં વિદ્યાપીઠ પ્રશાસન દ્વારા તે બાબતને ગંભીરતાથી ન લેવાતા વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને રોજબરોજ કેમ્પસની મુલાકાત લેતા મુલાકાતીઓને સુરક્ષા સામે પ્રશ્નાર્ઇ ઉભા થયા છે.

ગરમીમાં રાહત આપતા ફળોનું વેચાણ બજારમાં ધૂમ ચાલે છે. તડબૂચ, શેરડી રસ, કેરી રસનાં કોલા ઠેર ઠેર જોવા મળે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરમાં સે-૨૧ જીમખાના ખાતે ચાલી રહેલ એશિયા થાઈબોકસીંગ ચેમ્પિયનશીપમાં ટીવીના જાણીતા કલાકાર તારક મહેતા.. ફેઈમ 'સુંદર' (મયુર વાંકાણી)એ મુલાકાત લીધી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

રથયાત્રાની તૈયારીમાં રીઢા ગુનેગારોને નજરકેદ કરાયા

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ શહેરમાં આગામી મહિનામાં નીકળનારી પરંપરાગત રથયાત્રાની પૂર્વતૈયારીઓની શરૂઆત પોલીસતંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

ભૂતકાળમાં રથયાત્રા દરમિયાન બનેલા ભાંગફોડ પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને પૂર્વ વિસ્તારની પોલીસ દ્વારા રથયાત્રાના મહિના પહેલા જ રીઢા ગુનેગારોની હિલચાલ અંગે તપાસ કરી તેમને નજરકેદ પણ કરી દેવામાં આવતા હોય છે. ત્યારે ચાલુ વર્ષે પણ જુન મહિનાના અંતિમ દિવસોમાં નીકળનારી ભગવાન જગન્નાથની રથયાત્રામાં કોઈ ભાંગફોડ પ્રવૃત્તિ ન થાય તે માટે સરદારનગર પોલીસ દ્વારા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઝોન-૪ના જી ડિવીઝનના એસીપી જેએન પરમાર તેમજ સરદારનગર પોલીસ મથકના પીઆઈ કેકે પટેલ દ્વારા કુબેરનગર વિસ્તારમાં વિસ્તારમાં ૧૨ પીએસઆઈ, ૧૦ મહિલા કોન્સ્ટેબલ, ૮૫ હેડ કોન્સ્ટેબલ સહિત ૧૨૦ પોલીસ કર્મચારીઓના સ્ટાફ સાથે કોમ્બિંગ હાથ ધર્યું હતું.

જેમાં પોલીસ દ્વારા છારાનગર તેમજ કુબેરનગરમાં રહેતા ૭૫ ગુનેગારોની હિલચાલ અંગે તેમના ઘરોની તપાસ કરવામાં આવી હતી. આ ગુનેગારો રથયાત્રા દરમિયાન કોઈ આંતકી પ્રવૃત્તિ ન ફેલાવે તે માટે પોલીસ દ્વારા રથયાત્રાના સમયે આ ગુનેગારોને નજરબંધ કરવાની પણ કાર્યવાહી હાથ ધરાશે.

અભિનંદન ગીત

એવો ભગવો લહેરાણો ભારત દેશમાં
મોદીજી તમે પી.એમ. બન્યા છો, પ્રકાશજો...
વિકાસ જેવો કર્યો ગુજરાતનો (૨)
એવો વિકાસ કરો ભારત દેશનો રે...
મોદીજી તમે પી.એમ. બન્યા છો, પ્રકાશજો...
નંબર વન કર્યું તમે ગુજરાત (૨)
નંબર વન કરો ભારત દેશ રે...
મોદીજી તમે પી.એમ. બન્યા છો, પ્રકાશજો...
સ્વર્ણિમ ગુજરાત તમે કર્યું (૨)
દિવ્ય ભવ્ય કરો ભારત દેશ રે...
મોદીજી તમે પી.એમ. બન્યા છો, પ્રકાશજો...
નારી થઈ નિર્ભય ગુજરાતની (૨)
એવી નિર્ભય કરો ભારત દેશની રે...
મોદીજી તમે પી.એમ. બન્યા છો, પ્રકાશજો...
જયોતિર્મય કર્યું તમે ગુજરાત (૨)
તેજોમય કરો ભારત દેશ રે...
મોદીજી તમે પી.એમ. બન્યા છો, પ્રકાશજો...
સડકો થઈ સુંદર ગુજરાતની (૨)
સડકો તેવી કરો ભારત દેશની રે...
મોદીજી તમે પી.એમ. બન્યા છો, પ્રકાશજો...

રચયિતા
અંજના બારોટ, ગ્રંથપાલ. સી.એમ. પટેલ નર્સિંગ કોલેજ, સે-૧૨, ગાંધીનગર